Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ પરમાર્થ. ... ... ( શાહ બાબુલાલ પાનાચંદ ) ... ૯૯
૨ શ્રી જીનેન્દ્ર સ્તવન. ... ( મુનિ બાલચંદ્રજી ) ... ૧૦૦
૩ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ... ( અનુવાદ ) ... ... ૧૦૧
૪ પ્રતિબિંબ. ... ... ... ( રા. સુશીલ ) ... ૧૦૩
૫ વિશ્વવ્યાપક જૈન દર્શન. ... ... ( સ. ક. વિ. ) ... ૧૦૭
૬ અમારી પૂર્વદેશની યાત્રા. ( મુનીરાજ શ્રી દર્શન વિ. મહારાજ ) ... ૧૧૩
૭ શ્રાવકાચાર. ... ... ( શુદ્ધ આચારનો ઇચ્છક ) ... ૧૧૫
૮ સંયમ. ... ... ( રા. ચોકસી ) ... ... ૧૧૭
૯ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. ( નરોતમદાસ. બી. શાહ. ) ૧૧૮
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૨૨



## " નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. "

૧ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત સંશોધન કરી, તદ્દન શુદ્ધ રીતે બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાનાનો એન્ટ્રીક ઉંચા કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રા નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઇડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત મજબુત કપડાથી તૈયાર થાય છે. આવતા માસમાં તૈયાર થઇ જશે. કિંમત રૂ. ૨-૦-૦ ( મુદ્દલથી પણ ઓછી. ) પોષ્ટેજ જુદું. પાંચમો-છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે.

શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

## श्री बृहत् कल्पसूत्रम्-

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે ? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે ? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના.

### શુદ્ધ કાર્તકી જૈન પંચાંગ ૧૦૦ નકલના રૂા. ૨-૮-૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ–ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. मार्गशिर्ष. आत्म सं. ३९. { अंक ५ मो.

## પરમાર્થ.

પક્ષી કંઇ કંઇ કલરવ કરી, લોકોને આનંદ દેતા સદા;
મુંગા પ્રાણી કંઇ કંઇ કૃત્યે, લોકોને સુખ દેતા સદા.
વૃક્ષો પોતે સહી બહુ દુઃખો, છાંય ને મીઠી આષધી દેતા;
બીજા એવા કંઇક નરો, લોકોની કંઇક સેવા કરતા.

જગે કરે સહુ એવો પરમાર્થ જ કંઇ,
તો તું એ શાને બને નહિ પરમાર્થી ?

શાહ બાબુલાલ પાનાચંદ. ( નડોદવાળા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનેન્દ્ર સ્તવન.

( વ્હાલું લાગે મને મારૂં વતન—એ દેશી )

વ્હાલું લાગે મને પ્રભુ દરિશન, પ્યારૂં લાગે મને પ્રભુ દરિશન.

[1]ઋષભદેવ જિન, [2]અજિત [3]સંભવ જિન; (૨)
[4]અભિનંદનજીને કરૂં નમન. વ્હાલું૦ ૧

[5]સુમતિ [6]પદ્મપ્રભ, [7]સુપાર્શ્વ સૂરપ્રભ; (૨)
[8]ચંદ્રપ્રભજીને કરૂં નમન. વ્હાલું૦ ૨

[9]સુવિધિ [10]શીતલકર, [11]શ્રેયાંસ સુખકર; (૨)
[12]વાસુપૂજ્યજીને કરૂં નમન. વ્હાલું૦ ૩

[13]વિમલ [14]અનંત પ્રભુ, [15]ધર્મદાયક વિભુ; (૨)
[16]શાંતિનાથજીને કરૂં નમન. વ્હાલું૦ ૪

[17]કુંથુનાથ [18]અર, [19]મલ્લિ જિનેશ્વર; (૨)
મુનિ[20]સુવ્રતજીને કરૂં નમન. વ્હાલું૦ ૫

[21]નમિ [22]નેમીશ્વર, [23]પારસ્વ દુઃખહર; (૨)
વીર[24] પ્રભુજીને કરૂં નમન. વ્હાલું૦ ૬

બાલ–પુનમ–ચંદ્ર, જેમ સમુદ્ર ચંદ્ર; (૨)
વારિધિ તરણુને કરૂં નમન. વ્હાલું૦ ૭

મુનિ બાલચંદ્રજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

( જીવનનું પરમધ્યેય. )

[ ગતાંક પૃષ્ટ ૮૧ થી શરૂ. ]

જનતાનો બહુ મોટો ભાગ પ્રભુભકિતના રહસ્યથી અજ્ઞાત હોય છે. આથી બહુ જ થોડા મનુષ્યોને પ્રભુભકિતમાં ખરેખરો આનંદ થાય છે, કેટલાક ઇશ્વરને ભયરૂપ ગણી પ્રભુભકિત કે પ્રભુપૂજા કરે છે, અમુક આપત્તિ ન આવે તે નિમિત્તે પ્રભુને પ્રસન્ન રાખવા માટે કેટલાક પ્રભુની સેવા કરે છે. આવી રીતે પ્રભુસેવા કરનાર મનુષ્યો આપત્તિકાળ જતાં પ્રભુને વીસરી પણ જાય છે.

પણ પ્રભુભકિતનું સત્ય સ્વરૂપ ઉપરોકત સ્વરૂપોથી છેક વિભિન્ન છે. પ્રભુભકિત એટલુ પૂજ્ય વસ્તુ વિભૂતિનું અનુકરણ. ભકિત કે પૂજામાં અનુકરણનો ભાવ ખાસ રહેલો છે. પ્રભુની પૂજા કરવી એટલે પ્રભુનું અનુકરણ કરવું. પ્રભુનું અનુકરણ થાય તો જ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ થઇ શકે. પ્રભુને અન્ન આદિનું સમર્પણ કરવાથી કે તેની વ્યર્થ પ્રશંસા કર્યાથી પ્રભુની પૂજા કરનારનો કોઇ પણ અભિલાષ ફલિભૂત થઇ જતો નથી. પ્રભુને અન્નાદિ વસ્તુઓ કે તેમનાં સમર્પણની જરૂર શી હોઈ શકે ? પ્રભુને સ્વપ્રશંસા શા માટે જોઇએ ? કહેવાનું તાત્પર્ય એ કે કોઇ વસ્તુના સમર્પણ કે પ્રભુપ્રશંસા-રૂપ પૂજાથી મનુષ્યની કંઈ પણ ઉન્નતિ શક્ય નથી. સમર્પણ કે સ્તુતિથી પ્રભુ સંતુષ્ટ થાય એવી માન્યતા છેક વિભ્રમયુકત છે. નિર્જીવ વસ્તુના સમર્પણથી મનુષ્યને પણ સંતોષ થતો નથી. ક્ષુલ્લક પ્રાણીઓના ચરણપાતથી મનુષ્યને ખરો આનંદ ન જ થાય. સર્વશકિતમાન પ્રભુ ત્યારે ક્ષુદ્ર વસ્તુનાં સમર્પણ આદિથી પ્રસન્ન થાય એ સંભવિત છે ? નહિ જ.

સમાન પુરૂષોની સ્તુતિમાં જ વસ્તુતઃ આનંદ રહેલો છે. હાસ્યવૃત્તિયુકત સ્તુતિમાં સુખ કે શાન્તિ કદાપિ સંભવી શકે નહિ, પ્રભુ સ્તુતિથી પ્રસન્ન થાય છે કે સ્તુતિ ન કરનાર ઉપર રોષે ભરાય છે એવો ભાવ ભ્રમયુકત છે. એવો ભાવ સેવનાર કે એ ભાવનાવંત પ્રભુને શાન્તિનો અનુભવ કદાપિ શકય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થાય છે એવી માન્યતા તદ્દન અસંગત છે. મૂતિ-પૂજાને આત્માનું અધઃપતન કરનાર એક કારણરૂપ ગણુવામાં આવે છે, પણુ મૂર્ત્તિપૂજાથી અધઃપતન ક્યારે સંભવી શકે એ મૂર્ત્તિપૂજાના વિરોધીઓ બરાબર સમજી શકતા નથી. મૂર્ત્તિપૂજાથી આત્માના અધઃપતનનું કારણુ તે સંબંધમાં લોકોએ કલ્પેલાં કારણુ કરતાં છેક વિભિન્ન છે. આથી જ ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

"દેવો, પૂર્વજો આદિની પૂજા કરનારાઓ દેવત્વ આદિ પ્રાપ્ત કરે છે. મારી ભક્તિ કરનારાઓ મારી સમીપ આવે છે."

આ પ્રમાણે દેવ આદિની ભક્તિ કરવાથી દેવ વિગેરેની શક્તિ અને સ્વભાવની પ્રાપ્તિ સંભવી શકે છે, પણુ એ ભક્તિથી દુઃખ, દારિદ્રય, તૃષ્ણા આદિનું નિવારણુ થતું નથી. દુઃખ, દારિદ્રય આદિનું સંપૂર્ણુ નિવારણુ તો પરમાત્માની ભક્તિથી જ થાય છે. પરમાત્મા પરમ સુખદાયી હોવાથી તેની ભક્તિથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

પરમાત્મા જ સર્વગુણુસંપન્ન અને શક્તિ, જ્ઞાન, સુખ આદિ સર્વ દ્રષ્ટિએ વિચારતા પરિપૂર્ણુ હોવાથી તેની પૂજા અને ભક્તિને પાત્ર છે. તેની પૂજા અને ભક્તિથી પૂર્ણુત્વ પ્રાપ્ત થઇ શકે છે. પુર્ણુત્વયુકત સ્થિતિ એ જીવનનું પરેમ ધ્યેય છે. પૂર્ણુત્વ રહિત સ્થિતિ અનિષ્ટ જ હોઇ પ્રભુની બુદ્ધિયુકત ભકિતથી પૂર્ણુત્વનો માર્ગ નિર્વિઘ્ન બને છે. એકાગ્ર ધ્યાનયુક્ત પ્રભુપૂજાથી આત્માનો અનેરો વિકાસ થાય છે, એકનિષ્ઠભાવે કરેલી મૂર્તિપૂજાથી આત્મા ઉન્નત પંથે સંચરે છે, સત્ય ભક્તિ અને પ્રભુપૂજાનું રહસ્ય આ ઉપરથી સમજી શકાશે.

શ્રદ્ધાયુક્ત મૂર્તિપૂજા અત્યંત ફળદાયી છે, અને આત્માની અનેરી ઉન્નતિ થાય છે એવું ભગવદ્ગીતાનું સ્પષ્ટ વિધાન છે. અદ્રશ્ય પ્રભુનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું એ અત્યંત દુર્ઘટ હોવાથી જનતાનો મોટા ભાગ પ્રભુ ભક્તિ નિમિત્તે મૂર્ત્તિનું આસેવન કરે છે. મૂર્ત્તિપૂજાના માંગલિક પ્રારંભથી આત્મા ઉન્નતગામી બને છે. શ્રદ્ધાન્વિત મૂર્ત્તિપૂજાથી અનેક મહત્ત્વાકાંક્ષાઓ પુર્ણુ થાય છે. મૂર્ત્તિપૂજાથી આત્માની યથેષ્ટ ઉન્નતિ થયા બાદ મૂર્ત્તિપૂજા આવશ્યક નથી. મૂર્ત્તિપૂજાથી આત્માની શકય ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થયા બાદ મુતિ-પૂજા ત્યાજ્ય થઇ પડે છે. મૂર્ત્તિપૂજારૂપ અધ્યાત્મિક ઉન્નતિનું સોપાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

( લે૦ રા. **સુશીલ.** )

## મહાવીર ભગવાનને કેવળજ્ઞાન કયાં થયું ?

"સુવ્રત નામના દિવસે, વિજય નામના મુહૂર્ત્તમાં જૃંભિક ગામ નામના નગરની બ્હાર ઋજુવાલુકા નદીના કાંઠે....મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું" એમ આપણે શાસ્ત્રોના આધારે કહીએ છીએ. આ જૃંભિકગ્રામ વસ્તુતઃ કયાં હોવું જોઇએ તે વિષે સંશોધન કરતા શ્રી નંદલાલ દે કહે છે કે આજનું ઝરિયા જ્યાં કોલસાની મ્હોટી ખાણો છે ત્યાં જ તે હોવું જોઇએ, એ વાતના સમર્થનમાં તેઓ કેટલીક દલીલો આપે છે.

(૧) કેવળજ્ઞાન વખતે ભગવાન મહાવીર સમેત્તશિખર પહાડથી બહુ દૂર ન હતા એ વાત બરાબર હોય તો ઝરિયા પણ સમેતશિખરથી ૨૫–૩૦ માઇલ દક્ષિણે છે.

(૨) ઝરીયા જૃંભિકનો અપભ્રંશ સંભવે છે.

---

આત્માનો યથેષ્ટ વિકાસ થયા બાદ નિરર્થક બને છે. મૂર્ત્તિપૂજાના હિમાયતીઓએ મૂર્ત્તિપૂજાનું આ રહસ્ય ખાસ સમજવા જેવું છે.

મૂર્ત્તિપૂજા આત્માની પ્રગતિ માટે કેટલી ઉપયુક્ત છે તે આપણે જોયું. મૂર્ત્તિપૂજા એ કંઇ જડપૂજા નથી, એ સિદ્ધાન્ત મૂર્ત્તિપૂજકોએ ખાસ સમજવો જોઇએ. જીવનનું પરમ ધ્યેય ન ભૂલવું એ મૂર્ત્તિપૂજાનું રહસ્ય છે. મૂર્ત્તિપૂજામાં જીવન ધ્યેય ચૂકી જવાય તો તે અનર્થકારી થઇ પડે છે. મૂર્ત્તિપૂજા એટલે આદર્શની પૂજા. એમાં અજ્ઞાન, અંધશ્રદ્ધા કે અતિરેક ન સંભવે. મૂર્ત્તિપૂજાનું આ રહસ્ય બરોબર સમજનારને મૂર્ત્તિપૂજાની ઉપયુક્તતા યથાર્થ રીતે ઉપલબ્ધ થાય છે. દરેક વિચારક મનુષ્યે આથી મૂર્ત્તિપૂજાનું રહસ્ય યથાર્થ રીતે સમજવું ઘટે છે.

ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) ભ. મહાવીરના માતા–પિતા વિગેરે પાર્શ્વનાથ પ્રભુના શાસનના અનુયાયી હતા એટલે ભ. મહાવીર પણ સમેત્તશિખર જેવા પવિત્ર તીર્થની છાયામાં હોવા જોઇએ.

(૪) ભ. મહાવીરના સમયમાં ઋજુવાલુકા નદી જંભકગ્રામની નજીક થઇને વહેવી હોવી જોઇએ. નદીઓ ઘણીવાર પોતાના પ્રવાહ બદલે છે. પાછળથી આ નદીએ પ્રવાહ બદલ્યો હશે.

પ્રસંગોપાત એ જ વિદ્વાન બીજી એક બે બાબત તરફ આપણું લક્ષ ખેંચે છે.

વજ્જભૂમિનો આપણે વજભૂમિ એવો અર્થ કરીએ છીએ તે વસ્તુતઃ વિજયભૂમિ હોવો જોઇએ. માનભુમ જીલ્લો ખરી રીતે માન્યભૂમિના નામથી પહેલાં ઓળખાતો હશે. ભગવાન મહાવીર જેવા માન્ય તપસ્વીના પ્રતાપે જ એ નામ મળ્યું હોવું જોઇએ. સમેત્તશિખર તીર્થ પણ સમાધિશિખર શબ્દોનો અપભ્રંશ હોવાનો સંભવ છે. જૈન વિદ્વાનો એ હકીકત કેટલે અંશે સ્વીકારશે ?

## વિહારના કડવા–મીઠા અનુભવો.

સ્વ. આત્મારામજી મહારાજના ઉગ્ર વિહારની ઘણી વાતો આપણે સાંભળી છે. પંજાબ, રાજપુતાના અને ગુજરાતની ભૂમિ એમના પાદવિહારથી ધન્ય બની છે. વિહારની સાથે અનેકવિધ પરિસહો પણ એમને વેઠવા પડયા હોય એ સ્વાભાવિક છે.

તેઓ પોતે તો વિહારના કષ્ટોથી સંપૂર્ણ પરિચિત હતા. એ કષ્ટોને આફતરૂપ નહીં પણ સંયમની કસોટીરૂપ જ માનતા, પણ એમની સાથેના સાધુ પરિવારમાં કોઇ કોઈ મુનિ આવી કસોટીની પળે સ્હેજ આકળા બની જતા.

દિલ્હીથી જયપુર તરફ જતાં આવો એક પ્રસંગ બનેલો. માર્ગમાં શ્વે.-તાંબર મૂર્ત્તિપૂજક સંપ્રદાયનાં ઘરો બહુ ઓછા આવતા. દિગંબર કે સ્થાનકવાસી ગૃહસ્થો તરફથી પણ સાધુઓનો સત્કાર થવાને બદલે ઉલટો ઉપદ્રવ થતો. આવે ટાણે કોઇ કોઇ સાધુ સ્હેજ તપી જતા.

આત્મારામજી મહારાજ એમને પ્રસન્નવદને સમજાવતા.

“ ભાઈ રસ્તાનાં કામ છે. વેઠવું તો પડે. અહીંઆં કંઇ આપણા સંસારીપણાના સગા સંબંધી થોડા જ છે ? આપણે કંઇ એમને ત્યાં થોડી જ થાપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકી છે ? આપણી તો ફરજ છે કે ઉપદ્રવ કરનારાઓને પણ બે ધર્મના શબ્દો વિવેકપૂર્વક સંભળાવા. કોઇક દિવસ પણ એ પળલશે.

આપણે જૈન મુનિ છીએ. આપણી શાંતિ અને સહિષ્ણુતાની જ એમની ઉપર અસર પડવી જોઇએ. આપણે કંઈ બાવા નથી કે ધોકો પછાડીને ડરાવીને ધમકાવીને આપણો લાગો વસુલ કરીએ. આપણે જો તપી જઇએ–ઉશ્કેરાઈ જઇએ તો પછી આપણામાં ને પેલા જમાતવાળા બાવામાં શું ફેર રહ્યો? આપણું મુનિપણું તો સંયમથી જ શોભે."

પ્રસંગોપાત્ સ્વ. મહારાજજી ગામડાના કાંટા કેવા કુટિલ હોય છે તે સમજાવતા, વીતરાગદેવના પંથનું ગૌરવ સહચારીના અંતરમાં ઠસાવતા અને ધન્ના–શાલીભદ્ર જેવા સુકુમાર પુરૂષોએ કેવા કેવા કષ્ટ સહ્યાં છે તે કહી સર્વ સાધુ પરિવારને અપૂર્વ પ્રેરણા આપતા.

એક વાર એક સાધુ આવા જ અવસરે એક ગરાશીયાના ઘરમાં ગોચરી માટે ધર્મલાભ ઉચ્ચારી દાખલ થયા. પોતાના ઘરમાં એક સાધુને દાખલ થયેલા જોઇ ગરાશીયો એકદમ દોડી આવ્યો આવેશમાં ને આવેશમાં એણે મુનિજીને ધમકાવી બ્હાર કાઢયા.

ગુરૂદેવને એ વાતની જાણ થઈ. પેલો ગરાશીયો પણ ત્યાં આવી ચડયો. ગુરૂદેવે એને એવી સરસ મધુર શૈલીમાં ઉપદેશ આપ્યો કે એનો બધો આવેશ બરફની જેમ ઓગળી ગયો. તે દિવસથી એ ગુરૂ મહારાજનો અનન્ય ભકત બની રહ્યો.

શાંતિ, સંયમ, માધુર્યથી જ ક્રોધ, ઉચ્છૃંખલતા કે કટુતાને જીતી શકાય છે એ સૂત્ર ઘણીવાર ગુરૂદેવ આ રીતે પોતાના આચારથી સિદ્ધ કરી આપતા.

## નિર્જન માર્ગે–એક ભીલનો મેલાપ.

એક વાર પંજાબની સરહદમાંથી નીકળી મારવાડની રેતાળ વેરાન ભૂમિમાં થઇને સ્વ. આત્મારામજી મહારાજ ગુજરાત તરફ આવતા હતા. થોડા સાધુ સિવાય એમના વિહારમાં બીજું કોઇ સાથે ન હતું. માર્ગ બતાવનાર ભોમીયો કે રસ્તા પૂરતો ચોકીદાર પણ ન હતો.

જતાં જતાં એક મોટું રેતીનું રણ આવ્યું. આસપાસ કયાંઇ વસતી ન મળે. જનશૂન્ય માર્ગે થઇને મુનિસંઘ એકલો આગળ ચાલે છે. સાંઝ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાં કોઇ વસતીવાળા સ્થાને પહોંચી જવાની ભાવનાથી ઉતાવળા પગલાં ભરે છે.

એટલામાં સામેથી આવતો એક ભીલ જેવો માણુસ દેખાયો. શરીરે શ્યામ અને પહેરવેશ ઉપરથી આ વેરાન પ્રદેશનો જ વતની હોય એમ લાગ્યું.

ખબરદાર ! એક ડગલું પણ જો આગળ ભર્યું છે તો ! ભીલે પોતાની ગામઠી મારવાડી ભાષામાં પડકાર કર્યો. શીકારી પશુ પોતાનો શિકાર જોઇ ત્રાડ પાડે તેવો જ ભાવ એ શબ્દોમાં હતો.

પણ અમે તો સાધુ સંન્યાસી છીએ. અમારી પાસેથી તને શું મળવાનું હતું ? આત્મારામજી મહારાજે ભીલની ભૂલ ભાંગવા કહ્યું.

" તમે ગમે તે હો, ઇષ્ટદેવને યાદ કરી લ્યો. " ભીલે પોતાના કામઠામાં તીર ચડાવવાની પેરવી કરી.

આત્મારામજી મહારાજે જોઇ લીધું કે આ જડ જેવા માણુસને ઉપદેશ કરવામાં કંઈ માલ નથી. સાધુતા શું, અપરિગ્રહ શું ? એ પણ જંગલી માણુસ સમજવાનો નથી તેમ તેની સાથે વિવાદ કરવામાં પણ સમયની બરબાદી કરવાં સિવાય બીજો કોઇ અર્થ સરે એમ ન હતું.

જો ભાઇ, તું આ જંગલનો રાજા છે. અમે મુસાફરો તો તારા અતિથિ કહેવાઈએ. કોઇ રાજા પોતાની પ્રજાને લુંટે ખરો ? રાજા તો ઉલટો રક્ષણ કરે તું અમને તીરથી વીંધશે તો અમે તો કઇ નહીં બોલીએ, પણ રાજા થઇને તું અમારી ઉપર જુલમ કરશે તો લોકો તો તારી નિંદા જ કરશે. ભીલને પોતાના અધિકારની વાત સાંભળી આનંદ થયો. ખરેખર જ પોતે રણુનો રાજા હોય એમ એને લાગ્યું.

થોડી વારે જ્યારે એ શાંત થયો. તીર પાછું ભાથામાં નાખ્યું ત્યારે આત્મારામજી મહારાજે પોતાની સ્થિતિ સમજાવી. ભીલ એ વાત સાંભળી ગળગળા જેવો થઇ ગયો. ઉતાવળ કરી હોત તો પોતે કેવા અઘોર પાપનો ભાગીદાર બનત એ કલ્પનાથી ભય પામ્યો. પછી તો એક વખતનો ઘાતકી ભીલ, એક પરમ અનુરાગી જેમ આત્મારામજી મહારાજની પાછળ પાછળ ચાલ્યો અને જ્યાં સુધી બીજું વસતીસ્થાન ન આવ્યું ત્યાં સુધી એમની સાથે રહી એક ભોમીઆ તરિકે–એક ચોકીદાર તરિકે સાધુ સંઘની સેવા બજાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વવ્યાપક જૈન દર્શન.

( આત્માનો ક્રમિક વિકાસ અને મહામોહ–પરાજય )

**આગમનો સાર શું છે ?** પુંડરીક મુનિએ એક વખત ગુરૂશ્રીને પ્રશ્ન કર્યો કે પ્રભુ ! ચૌદ પૂર્વનું જ્ઞાન તો એક સમુદ્ર જેવું છે એનો ટૂંકામાં સાર મને બતાવશો ?

**આગમનો સાર ધ્યાનયોગ**—સમંતભદ્રાચાર્યે જણાવ્યું : " પુંડરિક ! આખા જૈન આગમનો સાર નિર્મળ ધ્યાનયોગ છે. આખા સિદ્ધાંત–સમુદ્રનો સાર ફક્ત આ શબ્દમાં આવી જાય છે. જૈન શાસ્ત્રમાં ગૃહસ્થધર્મને અંગે તથા ત્યાગી સાધુધર્મને અંગે જે મૂળગુણો અને ઉત્તરગુણો બતાવ્યા છે, જે જે બાહ્ય ક્રિયાઓ કહી છે તે સર્વ કરીને પણ અંતે ધ્યાનયોગ કરવાનો છે. આ સર્વ પાંચ મહાવ્રત કે બાર વ્રત આદિ ગુણો અને કરાતી તપ, જપ, સેવા, ભક્તિ, દાનાદિ ક્રિયાઓનો હેતુ ધ્યાન યોગ સાધવાનો છે.

**ધ્યાન માટે મનની શુદ્ધિ**—મુક્તિને માટે ધ્યાનયોગની જરૂર છે અને ધ્યાનની સિદ્ધિ માટે મનને નિર્મળ કરવાની જરૂર છે. મનને નિર્મળ કરવામાં અહિંસાદિ સાધનો ઉપયોગી છે. આ પ્રમાણે આ બધાં અનુષ્ઠાન, કર્મકાંડ, વ્રત, તપ, જપાદિ કરવામાં આવે છે તે બધાં મનની શુદ્ધિ માટે કરવાનાં છે. આમ આ વ્રત કે અનુષ્ઠાન–કર્મકાંડ કરવાથી જ ઇતિકર્ત્તવ્યતા કે પૂર્ણતા માની લેવાની નથી. તે તો મણમાં પ્રથમ પુણી છે. ત્યાર પછી ધ્યાનયોગ સિદ્ધ કરીને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનું છે.

પુંડરિક મુનિ ! આ પ્રમાણે તમે મારો કહેવાનો ભાવાર્થ સમજ્યા હશો કે આ બધાં કર્મકાંડ, વ્રત, તપ, જપાદિ એક ધ્યાનયોગ સિદ્ધ કરવા માટે છે. જો આ ધ્યાનયોગ સિદ્ધ ન થાય તો આ વ્રત, તપ, જપાદિથી આત્માની શાંતિ–પૂર્ણતા મળતી નથી, તે તો એક અંગ છે. અનેક અંગો એકઠાં થવાથી સંપૂર્ણ કાર્ય સિદ્ધ થાય છે માટે **ધ્યાનયોગ એ સર્વનો સાર છે.**

**આરંભાદિ મળનો ત્યાગ**—આ ધ્યાનયોગ સિદ્ધ કરવા માટે આરંભાદિ મળો પ્રથમ દૂર કરવા જોઇએ. બાહ્ય આચાર–વિચારની શુદ્ધિ કરવી જોઇએ. સર્વ પ્રકારની ઉપાધિનો ત્યાગ કરનાર ધ્યાનયોગ સારી રીતે સાધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે, જે કોઇ પ્રાણી ઉપાધિ રહિત થઇને ધ્યાનયોગને માર્ગે ચડતો જાય છે, તે નિર્મળ આત્મા જૈન હોય કે જૈનેતર હોય પણ તાત્ત્વિક દ્રષ્ટિએ તે જિન શાસનમાં વર્તે છે અને તે સંસારનો છેદ કરી શકે છે.

**અનુષ્ઠાનની વ્યાપકતા**—જેમ સર્વ રોગનું મૂળ કારણ વાત, પિત્ત, અને કફ છે, અને જે ઔષધથી વાત, પિત્ત કે કફની શાંતિ થાય, આરોગ્યતા પ્રાપ્ત થાય તે તેને માટે ઉત્તમ ઔષધ છે, તેમ જે ઉપાયથી રાગદ્વેષ અને મોહરૂપ દોષો આંતર વ્યાધિઓ નાશ થાય છે, આત્માને નિર્મળ કરે છે. તે ઉપાયો જૈન દર્શનમાં હોય કે જૈનેતરમાં હોય છતાં તે સર્વજ્ઞના મતને અનુકૂળ–સંમત છે. અને જે અનુષ્ઠાન મનને મલીન કરનારાં–મોક્ષને હઠાવનારાછે તે અનુષ્ઠાન કરનાર જૈન મુનિ હોય કે જૈન ગૃહસ્થ હોય પણ તે અનુષ્ઠાનો જૈન દર્શનથી બહારનાં છે.

ચિત્તની નિર્મળતા કરનાર સત્યતત્ત્વનું જ્ઞાન અને વિશુદ્ધ વર્ત્તન ગમે તે દર્શનમાં હોય તો તેથી મોક્ષપ્રાપ્તિ થાય છે. આત્માનો વિકાસ કરવામાં બાહ્ય વેષને મુખ્ય સ્થાન નથી પણ નિર્મળતાને–રાગદ્વેષની મંદતાને અને આત્માના ઉપયોગની અખંડ જાગૃતિને મુખ્ય સ્થાન કહ્યું છે.

**ધ્યાનની વ્યાપકતા**—ધ્યાનયોગ સર્વથી શ્રેષ્ઠ છે. મોક્ષનો તે સાધક છે, સર્વ ઉપાધિથી વિશુદ્ધ થયેલા જીવો તેને સાધે છે.

ધ્યાનયોગ કરનાર જીવોએ એકાંત સ્થાને બેસીને પોતાના ભાવમનવડે ઉપયોગવડે જોયા કરવું. મનમાં જો અશુભ વિચારો આવે તો સમજવું કે તે વિચારોથી પાપબંધ થાય છે. જો મનમાં શુભ વિચારો આવે તો તેથી પુન્ય બંધ થાય છે. પણ શુભ કે અશુભ કોઇ પણ વિચારો ન આવે તો તે ઉદાસીનતાવાળી સ્થિતિ કહેવાય છે, આ સ્થિતિમાં વધારે વખત સ્થિરતા કરવાથી આત્મા કર્મને તોડી નાખી મુકત થાય છે.

**આત્માનો પરિણમનધર્મ**—સંસારી આત્મામાં પરિણમન ધર્મ રહેલો છે. કોઇને કોઈ આકારે પરિણમવું-તદાકાર થવું એ કર્મથી બંધાયેલા આત્માને ગમે છે અને તે પરિણમન પામીને રાગદ્વેષ કરે છે. આવો જીવનો સ્વભાવ છે કે સારા યા માઠા પરિણામે પરિણમી આત્મા પુન્ય–પાપથી બંધાય છે; પણ જ્યારે શુભાશુભ કોઇ પરિણામે આત્મા પરિણમતો નથી ત્યારે તે પોતાના શુદ્ધ સ્વભાવમાં રહે છે. આ રાગદ્વેષ વિનાની મધ્યસ્થ દશામાં રહેવાથી આત્મા કર્મોથી છૂટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, ધનાદિનો, સંચય, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલેશ, નિંદા, ઇત્યાદિમાં મન આદિની પ્રવૃતિ કરવી મનમાં તેને લગતા વિચારો વિકલ્પો કરવા એ બધાથી અશુભ કલ્લોલો–વિચારો પ્રગટે છે. જેમ અપથ્ય ભોજન કરતાં રોગની વૃદ્ધિ થાય છે તેમ આ હિંસાદિકની પ્રવૃત્તિવાળા વિચારોથી પાપકર્મની વૃદ્ધિ થાય છે. જેમ પથ્ય ભોજન કરવાથી સુખ અને પુષ્ટિ થાય છે તેમ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, ત્યાગ, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, વૈરાગ્ય, પ્રેમ, શાંતિ, પરોપકાર, પ્રભુસ્મરણ, સેવાધર્મ ઇત્યાદિના વિચારો કરવાથી શુભ કલ્લોલો-શુભ વિચારો પ્રગટે છે.

આ બન્ને શુભાશુભ વિચારોવાળા મનમાં ઉત્પન્ન થતા કલ્લોલોવડે આત્મા પુન્ય–પાપથી બંધાય છે. આ બન્ને મનની કલ્પનાવાળા જાળાંને મૂકીને, આત્મા ઉદાસીનતાવાળી મનની શાંત સ્થિતિમાં રહે છે તે ધ્યાન કહેવાય છે. આ ધ્યાનથી કેવળ કર્મની નિર્જરા થાય છે. કેમકે તેટલા વખત માટે આત્મા પોતાના આત્મામાં પરિણમી રહે છે. આ સ્થાને રાગદ્વેષ ન હોવાથી આવતા કર્મો અટકી જવારૂપ સંવર થાય છે અને પૂર્વનાં બાંધેલાં કર્મોનો નાશ થવા રૂપ નિર્જરા થાય છે. માટે તેવા મુમુક્ષુ જીવોએ રાગદ્વેષનો નાશ કરનાર વિવિધ ઉપાયોવડે મનની કલ્પનાવાલા જાળાંને તોડી નાંખવાં જોઇએ વિકલ્પો બંધ કરી દેવા અને **સ્વસ્વરૂપમાં તદાકાર થઇ રહેવું એ ઉત્તમ પ્રકારનું ધ્યાન છે.**

**ધ્યેયની વ્યાપકતા**—જીવો વિવિધ પ્રકારની રૂચિવાળા હોય છે. કોઇને કોઇએક પ્રકારે તો કોઇને કોઇ બીજાજ પ્રકારે ચિત્તની શુદ્ધિ થાય છે. માટે ભગવાને અનેક આલંબનો બતાવ્યાં છે છતાં જેવું સામું આલંબન તેવું ચિત્ત થાય છે. સારા આલંબનથી ચિત્ત સારો આકાર ધારણ કરે છે. ખરાબ આલંબનથી ચિત્ત અશુભ આકાર ધારણ કરે છે. આ વાત દરેકને અનુભવસિદ્ધ છે. ચિત્તની સ્થિરતા માટે જેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય, મન રાગદ્વેષ વિનાનું બને તેવા રાગદ્વેષ રહિત પરમાત્માનું ધ્યાન કરવું તે ઉત્તમ છે. આ ઉત્તમ પ્રકારનું શુભ આલંબન છે તેથી જીવને પુન્ય પ્રકૃતિ બંધાય છે. આ આલંબન દૃઢ થતાં તે આલંબનનો પણ ત્યાગ કરીને આત્માએ આત્માકારે સ્વસ્વરૂપે પરિણમી રહેવું તે ઉત્તમોતમ ધ્યાન છે, તેથી કર્મોનો નાશ થાય છે અને આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે છે. આ સ્વગત તત્ત્વનું ધ્યાન છે. વીતરાગ પરમાત્માદિનું ધ્યાન તે પરગત તત્ત્વ છે, સ્વગત તત્ત્વના ધ્યાનથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મની નિર્જરા થાય છે ત્યારે પરગતતત્ત્વના નામ સ્મરણ ધ્યાનાદિથી શ્રેષ્ઠ પુન્ય બંધાય છે, પરંપરાએ તે મોક્ષનું કારણ છે.

**વિશ્વમાં પરમાત્મા એક છે**:–ધ્યાન કરવા માટે જેનું આલંબન લેવામાં આવે છે તે પરમાત્મા વિશ્વમાં એક જ છે. તે સર્વ જાણનાર હોવાની સર્વજ્ઞ છે, સર્વ જોનાર હોવાથી સર્વદર્શી છે, રાગદ્વેષ રહિત હોવાથી છે નિર્મોહી છે. આવા સ્વરૂપવાળો દેવ જ્યારે દેહધારી હોય છે ત્યારે સકલ–સાકાર કહેવામાં આવે છે જ્યારે તે મોક્ષ પ્રાપ્ત થયેલ હોય છે ત્યારે તેને નિષ્કલ–નિરાકાર કહે છે. આ જ દેવ વિશ્વનો પ્રભુ થવાને લાયક છે. આવા સ્વરૂપવાળો હોય તેજ દેવ કહેવાય છે. એવો જેણે દેવના સંબંધમાં નિશ્ચય કર્યો છે તેને તે દેવના નામમાં વપરાયેલા વિવિધ શબ્દોથી ભેદબુદ્ધિ –જુદા જુદા દેવો છે તેવી બુદ્ધિ થતી નથી. તે ગુણવાળા દેવને કોઇ બુધ કહે, કોઇ બ્રહ્મા કહે, કોઇ વિષ્ણુ કહે, કોઇ મહેશ્વર કહે અને કોઇ જિનેશ્વર કહે તો તેમાં કોઈ પણ પ્રકારે અર્થનો ભેદ થતો નથી. જો પરમાર્થ એક છે તો પછી નામમાં ઝગડો કરવાનું કાંઈ કારણ નથી. પૂર્વે કહેલા ગુણવાળા તે પ્રભુને જાણીને જેઓ તેને ભજે છે, તે તેનો પ્રભુ છે. આમારો દેવ છે અને આ તારો દેવ જુદો છે, એ તો કેવળ દ્વેષ જ છે. જે તેના તરફ પ્રેમ રાખીને તેનું ધ્યાન ભજન કરે છે તેનું કલ્યાણ થયા વિના રહેતું નથી. જે સર્વ કલેશથી રહિત છે, સર્વ જીવો ઉપર સમભાવ રાખનાર છે તે દેવ છે; એવો નિશ્ચય કરનારને તેના આરાધનથી અવશ્ય લાભ થાય છે. સંસારી જીવોમાં જે વિવિધતા દેખાય છે તે વિવિધતા કર્મોની ઉત્પન્ન કરેલી છે. જ્યારે તે આત્મા કર્મપ્રપંચથી મુક્ત થાય છે ત્યારે તે પરમાત્માથી જુદો ગણી શકાતો નથી. તે પરમાત્મસ્વરૂપ જ છે. તે અશરીર છતાં અનંત શક્તિથી પૂર્ણ છે. તેની આજ્ઞાનું આરાધન કરવાથી એટલે તેના કહેવા પ્રમાણે ચાલવાથી જીવો મુક્ત થાય છે. આવા સ્વરૂપવાળો પરમાત્મા છે એમ જેણે જાણ્યું છે, ભાવથી તેનો જેણે સ્વીકાર કર્યો છે તેવા નિર્ણયવાળા જીવોને દેવના સંબંધમાં કોઇ કારણથી વિવાદ ઉત્પન્ન થતો નથી અર્થાત જુદા જુદા નામોથી તે વિવાદ કરતો નથી. જેઓ પોતાની અજ્ઞાનતાવડે રાગદ્વેષ અને મોહવાળામાં દેવપણાની કલ્પના કરે છે, માન્યતા રાખે છે, તેને તેવા તત્ત્વજ્ઞ પુરૂષો કરૂણા બુદ્ધિથી મના કરે છે કે તે દેવ ન કહેવાય.

આ પ્રમાણે પુંડરિક તને તાત્વિક દેવનું સ્વરૂપ નિવેદિત કર્યું તે દેવનું સ્વરૂપ પ્રમાણસિદ્ધ હોવાથી સર્વ ધર્મવાળાનો એક જ વીતરાગ દેવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિશ્વમાં એક જ ધર્મ છેઃ**—પુંડરિક! પારમાર્થિક દૃષ્ટિએ વિચારતાં શુદ્ધ ગુણ રૂપ કલ્યાણનો કરવાવાળો ધર્મ પણ વિશ્વમાં એક જ છે. તે શુદ્ધ ગુણો દશ છે, તેમાં સર્વ ધર્મોનો સમવેશ થઈ જાય છે. પ્રથમ ગુણ **ક્ષમા** રાખવી —ક્રોધનો નાશ કરવો. બીજો ગુણ **નમ્રતા** રાખવી—અભિમાનનો નાશ કરવો. ૨. ત્રીજો ગુણ. **શાચ** એટલે બાહ્ય શરીરની પવીત્રતા જાળવવી, શરીરથી કોઇને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ ન કરવી અને અભ્યંતર શૌચમાં મનની પવિત્રતા રાખવી. ૩. ચોથો ગુણ **તપ** બાહ્ય અને અભ્યંતર તપ કરવો. બાહ્ય તપમાં ઈચ્છાનો નિરોધ થાય તેવી પ્રવૃત્તિ કરવી, અભ્યંતર તપમાં કર્મને તપાવે—નાશકરે તેવાં ધ્યાનાદિ કરવા. ૪. **સંયમ** પાંચમો ગુણ છે. ઇન્દ્રિયોને તથા મનને વશ કરવાં તે સંયમ છે. ૫. **મુક્તિ** છઠ્ઠો ગુણ છે. એટલે લોભનો ત્યાગ કરવો, સંતોષ (તપમાં) રાખવો. ૬. સાતમો ગુણ **સત્ય** છે, સત્ય બોલવું પ્રિય બોલવું, હિતકારી બોલવુંઃ ૭. **બ્રહ્મચર્ય** આઠમો ગુણ છે. મન, વચન, શરીરવડે દઢ બ્રહ્મચર્ય પાળવું. ૮ **આર્જવ** નવમો ગુણ છે, સરલતા રાખવી, કપટ ન કરવું. ૯. **ત્યાગ** દશમો ગુણ છે. સર્વસ્વ ત્યાગ કરી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું. ૧૦

આ દશ પ્રકારનો ધર્મ છે. તેનાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ દશ પ્રકારનો ધર્મ એ વિશ્વમાન્ય હોવાથી પંડિતો આ ધર્મ સાચો અને આ ધર્મ જુઠો. એમ કોઇ પ્રકારે વિવાદ કરતા નથી. આ વિશ્વ વ્યાપક ધર્મ વિશ્વને માન્ય છે અને સર્વ ધર્મોનો સમાવેશ તેમાં થાય છે. માટે વિશ્વમાં એક જ ધર્મ છે એમ કહેવામાં કાંઇ દોષ નથી.

જેઓ હિંસાદિક આ દશ પ્રકારના ધર્મથી વિરૂદ્ધ સ્વભાવવાળા દોષોને ધર્મરૂપે માને છે તેને મહાત્માઓ કરૂણા દૃષ્ટિથી વારે છે કે તે ધર્મ ન કહેવાય. પુંડરીક! આ પ્રમાણે વિચાર કરતાં વિશ્વમાં એક જ ધર્મ છે.

**મોક્ષનો માર્ગ એક જ છેઃ**—પુંડરીક! મોક્ષનો માર્ગ પણ પરમાર્થિક દૃષ્ટિએ એક છે. કોઇ મોક્ષ માર્ગને **સત્વ** કહે છે, કોઇ **લેશ્યાશુધ્ધિ** કહે છે, કોઇ **શક્તિ** કહે છે, કોઇ **પરમવીર્ય** કહે છે. આ સર્વ નામભેદથી જુદા માર્ગો કહેવાય છે. પણ અથથી વિઘાર કરતાં તે સર્વનું સાધ્ય એક જ છે.

આજ પ્રમાણે આચરણમાં પણ શબ્દો જુદા પડે છે. છતાં ભાવાર્થ તો એક જ છે. કોઇ અદૃષ્ટનો નાશ કરવાનું કહે છે, કોઇ કર્મના સંસ્કારોને નાશ કરવાનું કહે છે, કોઇ **પુન્ય-પાપનો** નાશ કરવા કહે છે, કોઇ **શુભાશુભનો**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ કરવા કહે છે. કોઈ **ધર્મ અધર્મ**નો અને કોઇ **પાપનો** નાશ કરવા કહે છે આ બધાનો ભાવાર્થ વિચારતાં આત્મા સિવાય જે કાંઇ. આત્માની સાથે રહેલું છે અને જેનાથી જીવો સુખ-દુઃખ ભોગવતાં વારંવાર જન્મ-મરણ કરે છે તેનો નાશ કરવો, તે (જડ-મલીન) તત્ત્વને આત્માથી અલગ કરવું તેમજ બધા ધર્મવાળાઓ કહે છે. આ પ્રમાણે કર્ત્તવ્ય ધર્મ પણ આત્માનો એક જ છે.

**સાધન એકતા**— આત્માને મેલ વગર તેના નિર્મળ આકારમાં-સ્વરૂપમાં પ્રકટ કરવો તે માટે વ્રત, તપ અને ધ્યાનાદિ સાધનો બતાવવામાં આવ્યાં છે. આ શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રકટ કરવાનાં સાધનોનું જ્ઞાન કરવું તે જ્ઞાન છે. તેના ઉપર શ્રદ્ધા કરવી તે સાચી શ્રદ્ધા છે અને તે જ્ઞાન તથા શ્રદ્ધા પ્રમાણે ક્રિયા કરવી-વર્ત્તન કરવું તે ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ તે આ પ્રમાણે જેઓએ તત્ત્વને શુદ્ધ બુદ્ધિથી જાણ્યું છે, તે મેરૂની માફક દૃઢ-નિશ્ચલ મનવાળાને મોક્ષના માર્ગમાં-સાધનોમાં ભ્રાંતિ કયાંથી હોય ? એવા મહાત્માઓ, તત્ત્વમાર્ગથી ભ્રષ્ટથઇ આમતેમ ભટકતા ફરનારને કૃપાની લાગણીથી વારે છે-મનાઈ કરે છે કે ભાઈ! એ માર્ગ મોક્ષનો માર્ગ નથી; એ સાધનો આત્માને પ્રગટ કરનારાં નથી; તમે આ રસ્તે આવો, આ વ્યાપક દર્શન છે; સર્વ દર્શનોનો તેમાં સમાવેશ થઈ જાય છે.

**મોક્ષની એકતા**—પુંડરીકમુનિ! મોક્ષ પણ એક જ છે. પૂર્વોકત સાધનો વડે જે શુદ્ધ સત્ત્વ-પવિત્ર આત્મા પ્રગટ થાય છે, તે અવિચળ છે, નિત્ય છે, સિદ્ધ છે, સુંદર છે, અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય અરૂપ-અમૂર્ત્ત ઈત્યાદિ સ્વભાવવાળા પોતાના સ્વરૂપમાં રહેવું તે મોક્ષનું લક્ષણ છે. અર્થાત અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્યવાળો અમૂર્ત સ્વરૂપ આત્મા પોતાના સ્વરૂપમાં રહે તે મોક્ષ છે.

આ આત્માની સ્થિતિને કોઇ સંસિદ્ધ કહે, કોઈ નિવૃત્તિ કહે, કોઇ શાંતિ કહે, કોઈ શિવ કહે, કોઇ **અક્ષય** કહે, કોઇ **અવ્યય** કહે, કોઈ **અમૃત** કહે, કોઈ **બ્રહ્મ** કહે, કોઇ નિર્વાણ કહે. એ બધા શબ્દોમાં ભેદ છે પણ વાત તો એકની એક જ છે એ સર્વ મોક્ષને જ કહેવાવાળા શબ્દો છે.

આ હકીકત સાંભળીને પુંડરીકના મનનું સારૂં સમાધાન થયું. ગુરૂશ્રીએ જણાવ્યું કે આ સર્વ બાબતોનું સમાધાન બારમા દૃષ્ટિવાદ અંગના અભ્યાસથી મળશે. પુંડરીક મુનિએ અનુક્રમે તે દૃષ્ટિવાદનો અભ્યાસ કર્યો. તે ગીતાર્થ થયા એટલે ગુરૂશ્રીએ તેમને આચાર્ય પદે સ્થાપન કર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૯૩ થી શરૂ. )

**ભરતપુર.**

ફતેહપુરથી વિહાર કરતા અમે ભરતપુર આવ્યા. ભરતપુર કાંઇ તીર્થ-સ્થાન નથી, પરન્તુ જૈનોની દૃષ્ટિએ જરૂરી હોવાથી ટૂંક વિવેચન આપું છું. અહીં ઓસવાલ જૈનોનાં ૮-૯ ઘર છે અને એક મંદિર છે; બાકી બીજાં ત્રણ મંદિરો-એક ગોપાલગંજમાં અને બે ગામમાં જેમાં પલ્લીવાલ જૈનો અને શ્રીમાલ જૈનો વ્યવસ્થા કરે છે. શ્રીમાલો બધાય શ્વે. જૈન છે અને શ્વે. સાથે સંબંધ છે. હમણાં જ ઓસવાલ શ્રીમાલ એક થયા છે પરન્તુ આપણા સાધુઓનાં વિહારના અભાવે ગુરૂ તરીકે સ્થાનક૦ માને છે. સ્થા૦ સાધુઓ આપણા મંદિરમાં ઉતરે છે. ઉપદેશમાં શરૂઆતમાં તો મંદિર-નિષેધ નથી કરતા પરન્તુ ધીમે ધીમે બંધ કરાવે છે. મંદિરને પુંઠ કરી બેસીને ઉપદેશ આપે છે, અને સંધ્યાયે પ્રતિક્રમણના બ્હાને આરતી ઉતારવાનું બંધ કરાવે છે. ધીમે ધીમે માત્રું આદિ શિખરમાં પરઠવે છે, અને ત્યાં ઠલ્લે જવાના વાડા પણ બનાવરાવે છે. ભગવાનની આ આશાતના અમે નજરે જોઈ છે. આ લખતાં મારી કલમ કંપે છે પરન્તુ સ્થાનકવાસી સમાજના સુજ્ઞ શ્રાવકોએ વિવેક રાખવાની જરૂર છે. આટલો દ્વેષ અને ઇર્ષ્યા મંદિર પ્રત્યે રાખવાં એ જૈનશાસનનો, જિનેશ્વરનો દ્રોહ કરવા બરાબર છે. ગોપાલગંજના મંદિરમાં તો એક સ્થા. સાધુ થાણાપતી થયેલ છે. ગુરૂઓના ફોટા-ચિત્રો ચિતરાવ્યાં છે, તેને વંદના-નમસ્કાર કરાવે છે, પરન્તુ મૂર્ખ હોવાથી ઉપદેશની અસર નથી થતી. અમે ત્યાં મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે તે પણ હતા. શ્રાવકો પણ આવ્યા. અમને પુછયું: આપ કોણ છો ? અમે કહ્યું: સાધુ છીએ. જૈન શ્વેતાંબર સાધુ તમે મોઢે પટી તો બાંધેલ નથી અને તમે તો ભગવાનનાં દર્શન પણ કર્યાં ? જૈન સાધુ તો અમે મોઢે

---

આચાર્યશ્રી સમંતભદ્રસૂરિ નિર્વાણ પામ્યા. પુંડરીકાચાર્યને પણ કેવળજ્ઞાન થયું, સાધ્વી મહાભદ્રા, મહત્તરા અને સુલલિતા સાધ્વી પણ છેવટે નિર્વાણ પામ્યાં. શ્રી ગર્ભમુનિ તથા સુમંગલાદિ સાધ્વીઓ દેવલોકમાં ગયાં. **ઇતિશમ્**

**સ. ક. વિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટી બાંધેલા જ જોયા છે. તેઓ મંદિરમાં પણ નથી જતા ત્યારે તમે કેવા સાધુ ? પછી અમે બધું સમજાવ્યું. પટી બાંધનાર કેવા છે તે પણ સમજાવ્યું ત્યારે જાણ્યું કે આવા પણ જૈન સાધુ હોય છે.

હવે પલ્લીવાલ જૈનોનો ઇતિહાસ સાંભળો.

તેઓ પણ શ્વેતાંબરી છે, મંદિરમાં મૂર્તિઓ શ્વેતાંબરી છે અને શ્વેતાંબર આચાર્ય પ્રતિષ્ઠત છે. આ પ્રદેશમાં તેમનાં ૧૧૦૦ ઘર છે. ૫૬૦૦ થી ૬૦૦૦ માણસોની વસતી છે. આપણા સાધુઓના વિહારના અભાવે કેટલાંક વિધિવિધાન દિગંબરી થઇ ગયાં છે. સ્થા. સાધુઓ તેમને સ્થા. બનાવવા પૂરી કોશીશમાં છે, પરન્તુ મંદિરો છે એટલે તે શ્રાવકો પોતાનો ધર્મ છોડવા નથી માંગતા. સ્થા. સાધુઓ તેમના મંદિરમાં ઉતરી અનેકવિધ આશાતનાઓ કરે છે. આ બધાય શ્વે. મૂર્તિપૂજક જૈન રહેવા તૈયાર છે; પરન્તુ તે તે જ્ઞાન અને સંસ્કાર કોણ આપે ? આપણા સાધુઓ ગુજરાત છોડી અહીં પધારે તો હજારો જૈનો બચી જશે. અહીં અમારે તેમના મુખ્ય નેતા કોઠારીજી સાથે આ વિષયમાં ઘણી વાતો થઇ. તેમણે કહ્યું હું બધું કરવા તૈયાર છું; પરન્તુ ઉપદેશક, વિદ્વાન સાધુઓ અને સાહિત્ય પૂરૂં પાડો. માત્ર પાંચ જ વર્ષમાં ૬૦૦૦ જૈનો શ્વે. મૂર્તિપૂજક જૈનો પાકા સમજી લ્યો.

પલ્લીવાલોનું શ્રી મહાવીરનું તીર્થ જયપુર સ્ટેટમાં છે. પલ્લીવાલો શ્વેતામ્બર હોવાથી તીર્થ શ્વેતાંબરી છે. વિજયગચ્છના આચાર્યો અને યતિઓ અહીં આવતા. તેમની પ્રતિષ્ઠિત મૂર્તિઓ પણ છે. મથુરાના મ્યુઝીયમમાં પલ્લીવાલ શ્રાવકે વિજયગચ્છના યતિજીના હાથથી પ્રતિષ્ઠા કરાવેલી મૂર્તિ છે અને તે જ સાલની મૂર્તિ મહાવીરજીમાં અને ભરતપુરમાં છે. જયપુર સ્ટેટના દિ. જૈનોએ પોતાની સત્તા અને ધનના જોરે આ તીર્થ ઉપર કબજો જમાવવા માંડયો છે. મૂર્તિનો કચ્છોટ અને ચક્ષુ ઉખેડી નાંખ્યાં છે. પલ્લીવાલોને પણ દિ. બનાવવાનો પ્રયત્ન ચાલુ છે. જયપુર સ્ટેટમાં કેટલાક દિ. બન્યા છે. અલવરના હજી શ્વેતાંબરી છે, તેમને ત્યાં દિ. આચાર્ય શાંતિસાગરે તમે શ્વેતાંબરી છો એમ કહી આહાર ન વહોર્યો પરન્તુ શ્વે. જૈનો અને જૈન સાધુઓનું આ તરફ લક્ષ્ય જ નથી ખેંચાતું. આપણા આચાર્યો કેમ જૈનો વધારતા તે તો આપણે ભૂલી જ ગયા છીએ, પરન્તુ જે જૈનો છે, શ્વે. મૂ. બનવા તૈયાર છે તેમને પણ મદદ આપી જૈનત્વમાં સ્થિર નથી રાખી શકતાં. આ કેટલા દુઃખની વાત છે ? જૈન સમાજ કાન ઉઘાડા રાખી આ આપણા જ પતનનો કરૂણ ઇતિહાસ વાંચ અને સાંભળ ! ! ! (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાવકાચાર.

( ગયા વર્ષના અંક ૧૨ માંના પૃષ્ઠ ૩૨૭ થી શરૂ )

## સાંજની ચર્યા.

સાંજના સુજ્ઞ શ્રાવક અલ્પ જળથી હાથ પગ અને મુખ ધોઇને પ્રમોદપૂર્વક શ્રી જિનેશ્વર દેવની ધૂપદીપથી દ્રવ્ય અને ચૈત્યવંદનવડે ભાવપૂજા કરે.

સમ્યક્ ક્રિયા સહિત જ્ઞાન હોય તોજ મોક્ષસાધક થાય છે તે સમજતો સુજ્ઞ શ્રાવક પુનઃ સાંજે આવશ્યક ક્રિયા કરે. લોકમાં પણ ક્રિયાને ફળદાયક લેખી છે, જ્ઞાનને માનેલ નથી; કારણ કે જ્ઞાન માત્રથી સ્ત્રી અને ભોજનનો ભેદ જાણનાર કંઈ સુખ પામી શકતો નથી.

અનુકૂળ સ્થાન હોય તો પોતાના ઘેર, ગુરૂના અભાવે સ્થાપનાચાર્ય કે નવકારવાળીની સ્થાપના કરી આવશ્યક ક્રિયા કરવી. ધર્મથી બધાં કાર્યો સિદ્ધ થાય છે, તેમ જાણી તેમાં સદા ચિત્ત રાખનાર પુરૂષ ધર્મસાધન કરવાનો વખત વ્યર્થ જવા દે નહિં. વખત વીત્યા પછી કે પહેલાં જે જપાદિ ધર્મ ક્રિયા કરવામાં આવે છે તે ઉખર ક્ષેત્રમાં ધાન્ય વાવવાની જેમ નિષ્ફળ જાય છે તેથી અવસરોચિત કરણી કરવી.

ધર્મક્રિયા વિધિનો ઉપયોગ કરી કરવી. તેને હીનાધિકતા કરતાં મંત્ર સાધનારની જેમ દુઃખી થાય છે, અને ઔષધ અયોગ્ય રીતે વાપરતાં ભયંકર દોષ ઉપજાવે છે, તેમ અવિધિ રીતે ક્રિયા કરતાં લાભને બદલે અનર્થ થાય છે. શ્રાવક વૈયાવચ્ચજન્ય પુણ્ય અક્ષય સમજીને પ્રતિક્રમણ કર્યા પછી સદ્‌ગુરૂની સેવાભક્તિ કરે.

મુખ આડે વસ્ત્ર રાખી મૌનપણે સેવાં કરતાં ગુરૂનો સર્વાંગ શ્રમ દૂર કરે અને યત્નથી અંગ દબાવતાં ગુરૂને પોતાના પગનો સ્પર્શ ન થવા દે.

પછી પોતાના ગામમાં આવેલા જિનમંદિરમાં જઇ પરમાત્માને નમસ્કાર કરી પોતાને ઘેર આવે, ત્યાં પગ ધોઇ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે અને સદા અરિહંત, સિદ્ધ, જિનધર્મ અને સાધુઓનું શરણ, સંસારમાં મને શરણ રૂપ થાઓ એમ ચિંતવે.

કામદેવના વેગને જીતી લેનાર મંગળકારી એવા શ્રી સ્થૂલભદ્રજી તથા ગૃહવાસમાં છતાં જેની શીલલીલા અદ્‌ભુત હતી, એવા શાસનની શોભા વધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રનાર શ્રી સુદર્શન શેઠને મારા નમસ્કાર થાઓ. કામને જીતનાર એવા મુનિઓ જ કૃતપુણ્ય અને ધન્ય છે કે જેઓ જન્મ પર્યંત નિરતિચારપણે બ્રહ્મચર્ય પાળે છે. અને હું તો ભારેકર્મી નિઃસત્ત્વ અને અજીતેન્દ્રિય હોવાથી એક દિવસ પણ શીલ ધારણ કરી શકતો નથી. હે ! સંસારસાગર ! જો રમણીઓ વચ્ચે આવી નડતી ન હોય તો તારો નિસ્તાર કંઇ દુષ્કર નથી; મોક્ષ બહુ જ નજીક છે.

અસત્ય બોલવું, સાહસ કરવું, માયાકપટ, મૂર્ખપણું, અતિલોભ, અપવિત્રતા અને નિર્દયતા એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો કહેલા છે. જે સ્ત્રી રાગી પુરૂષ પર પણ વિરાગ ધરાવતી હોય તેવી રમણીઓની કોણ કામના કરે ? સુજ્ઞ પુરૂષ તો મુક્તિ–સ્ત્રીને જ ઇચ્છે કે જે વિરાગી પુરૂષ પર અનુરાગ ધરાવતી હોય છે.

એ પ્રમાણે હૃદયમાં ચિંતવતો ચતુર શ્રાવક સમાધિપૂર્વક અલ્પકાળ નિદ્રાને સેવે, તેમજ ધર્મપર્વના દિવસે કદાપિ સ્ત્રી–સંગ ન જ કરે. સુજ્ઞ પુરૂષ લાંબો વખત નિદ્રાનું સેવન ન કરે, કારણ કે બહુ નિદ્રા લેતાં તે ધર્મ, અર્થ અને સુખનો નાશ કરે છે.

જે અલ્પ આહારી હોય, અલ્પ નિદ્રા લેતા હોય, જે અલ્પ આરંભ અને પરિગ્રહવાળા હોય તેમજ અલ્પ કષાયવાળા હોય તે અલ્પ સંસારી જાણવા.

નિદ્રા, આહાર, ભય, સ્નેહ, લજ્જા કામ, કલહ અને ક્રોધ એ જેટલા વધારીયે તેટલા વધે.

વિઘ્નરૂપ લતા સમૂહને કાપવામાં ચક્રધારા સમાન એવા શ્રી નેમિનાથ ભગવાનનું મનમાં સ્મરણ કરતાં મનુષ્યને નિદ્રાકાળે દુષ્ટ સ્વપ્ના આવતા નથી.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સદા સ્મરણ કરતાં માણસને કુસ્વપ્ન કદિ જોવામાં આવતું નથી.

શ્રી ચંદ્રપ્રભુનું મનમાં સ્મરણ કરતાં પુરૂષ સુખે નિદ્રા પામી શકે છે.

શ્રી શાંતિનાથ પ્રભુનું ધ્યાન કરતાં તે સર્વ વિઘ્નરૂપ સર્પનો નાશ કરવામાં ગરૂડ સમાન હોવાથી તથા સર્વસિદ્ધિના કરવાવાળા પ્રભુ હોવાથી પુરૂષ ચોરાદિકથી કદિ ભય પામતાં નથી. એ પ્રમાણે સમજી ઉત્તમ સંતોષ પમાડનાર સમસ્ત દિનકૃત્ય આચરતો પુરૂષ નિર્દોષ બનીને આ લોક તથા પરલોકમાં કીર્તિનું ભાજન થાય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંયમ.

શ્રાવક-શ્રાવિકાની કરણીરૂપ જે શ્રાદ્ધ ધર્મ, તેના જે ષટ્કર્મ દેવપૂજન, ગુરૂસેવા, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન એમાંના ત્રણની વાત કરી ગયા. હવે ચોથા સંયમનો વિચાર કરીએ.

યાદ રાખવું કે સંયમનો અર્થ ઇંદ્રિયો કષાયો અને યોગો આદિપર કાબૂ અથવા તો અંકુશ એવો થાય છે. એ ઉપરાંત સંયમ એટલે ચારિત્ર-ભાગવતી દીક્ષા અને સંસારત્યાગ આદિ અર્થો પણ એમાંથી લાભી શકાય છે. ગૃહસ્થધર્મના વિવેચનમાં દરરોજની કરણી તરિકે ઉપયોગી થઇ પડે તેવો અર્થ તો માત્ર પ્રારંભમાં સૂચવ્યો તે જ છે.

એ કહેવું અવાસ્તવિક નથી જ કે જ્યાંલગી ઈંદ્રિયોરૂપી નાળા ઉઘાડા છે ત્યાંલગી કર્મરૂપ આશ્રવ વૃદ્ધિંગત થતો જ રહેવાનો અને જ્યાંસુધી નવો સંગ્રહ ચાલુ હોય ત્યાંસુધી આત્મશોધનની વાત કરવી એ ધુમાડામાં બાચકા ભરવા જેવું હાસ્યાસ્પદ કાર્ય રહેવાનું. જરૂરી કાર્ય કોઇબી રીતે નવા રાશિને અટકાવવાનું અગર તો નજીવા પ્રમાણમાં દાખલ થવા દેવારૂપ હોઇ શકે. એટલે જ જ્ઞાનીપુરૂષોએ જે વાત ભાર મૂકીને એક કરતાં વધુ સમયે કહી છે તે ફરીથી થાલી પીટીને જણાવવી પડે છે અને તે એટલી જ કે—

ઇંદ્રિયોરૂપી અશ્વોને કાબૂમાં રાખો અર્થાત્ પાંચે ઇંદ્રિયોને ત્રેવીશ વિષયોમાં રાચવાપણું ત્યજી દઇ, એના ઉદય વેળાયે સમભાવ દશાનું અવ-લંબન લ્યો. આવશ્યક કાર્ય તરિકે આ વાતનો સ્વીકાર કર્યા વગર, એમ કરવાની ટેવ પાડ્યા વગર કોઇ પણ આત્મા પ્રથમ પગલે કદિપણ ઇંદ્રિયોને રોધવા સમર્થ થવાનો નથી. એ કાર્ય અભ્યાસથી જ બર આવે તેવું છે. એ સારૂં દરરોજ દત્તચિત રહી સતત દૈનિક કાર્યવાહી પર નિરીક્ષણ કરતાં રહેવાનું છે. અનુકૂળ વિષયોની પ્રાપ્તિવેળા જેમ હર્ષાવેગ ન થવા દેવો તેમજ પ્રતિકુળ વિષયોવેળા શોક વિભૂષિત માનસ ન થવા દેતા ઉભય સ્થિતિમાં સમાન મનોવૃત્તિ કેવી રીતે રાખી શકાય એ જાતની ટેવ પાડવાની છે. એ આદત પડી જશે એટલે ઇંદ્રિયનિગ્રહ કરતાં આવડી જશે.

કેટલીક વેળા આપણે જોઇએ છીએ કે ઇંદ્રિયો પર કાબૂ લાવવા સારૂ કેટલા તેના ઉપર બાહ્ય ઉપચારો લગાવી તે બહેર મારી જાય અર્થાત્ નકામા જેવી બની જાય તેવા યત્નો કરે છે; પણ જૈન સિદ્ધાંતકારોને ત્યાં આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા !

[ ગતાંક પૃષ્ઠ ૮૫ થી શરૂ ]

ઉપર પ્રમાણે ગૃહજીવનનો વિચાર કરતાં માલૂમ પડશે કે આપણે વ્યક્તિગત જીવન કેટલી કંગાળ રીતે પસાર કરીએ છીએ. બાળલગ્નથી થતી હાનિ અને વિધવાનાં કષ્ટોનું વર્ણન થઇ શકે તેમ નથી; તેમજ આપણા કુટુંબનાં બાળકો નિર્ધનતાને અંગે યોગ્ય ખાનપાન અને સાચું શિક્ષણ

---

ઉચિત ઇલાજ નથી ગણાતો. નિવૃત્તિજનક પરિસ્થિતિ પેદા કરે અથવા તો પરમાર્થિક કાર્યોમાં સદા સહાયક બની રહે અગર તો આત્મદશા જાગ્રત કરવામાં યથાશક્ય કામ આવે એવી રીતે ઇંદ્રિયો જાગ્રત રહેવી જ જોઇએ. ફક્ત કરવાનું તો એ છે કે આજે આત્મા એનો વશવર્તી બનેલ છે તે દશામાંથી એને મુક્ત બનાવી એ પાંચેને આત્માના અંકુશ હેઠળ લાવી મૂકવાની છે. આ ઉપરથી સહજ સમજાશે કે ઇંદ્રિયો પર કાબૂ મેળવવો એનો અર્થ એના વિકારો પર સત્તા પ્રાપ્ત કરવી તે છે.

સદંતર જોવા સાંભળવાં કે કાર્ય કરવાની શકિતને બુઠ્ઠી કે પાંગળી બનાવી દેવી એ કંઇ સાચો નિગ્રહ નથી. અલબત્ત એ જાતના કાર્મિક સાધનોમાંથી સર્વથા છૂટી જવું એ જરૂરનું છે, પણ એ સારૂ કાળની મર્યાદા આત્મિક ઉત્ક્રાન્તિ અને જૈન આગમમાં જેને ગુણસ્થાન નામથી ઓળખાવવામાં આવે છે એવી ઉચ્ચ સ્થિતિ સંપ્રાપ્ત થાય ત્યારે જ શકય બને તેવું છે.

માટે શ્રાવક-શ્રાવિકાના દરરોજના ક્રમમાં ઇંદ્રિય-સંયમને સ્થાન છે, એનો અર્થ એ જ ગ્રહણ કરવાનો કે દરેક કરણીમાં આંતરિક દ્રષ્ટિબિન્દુ નજર સામે રાખીને જેમ બને તેમ લાગણીવશ થયા વગર સમાનવૃત્તિનું અવલંબન ગ્રહણ કરી ઉપસ્થિત થયેલ કામ કરવું.

આ રીતે કામ કરવાની ટેવ બર લાવવાથી 'અનર્થદંડ' આપોઆપ અટકી જશે અને નીચે દર્શાવેલ બે લીંટીમાં રહેલ સુંદર આશય ધર કરવા મન થશે.

સમક્તિવંતી જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ;<br>
અંતરથી ન્યારો રહે, ધાવ ખેલાવત બાળ.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામી શકતાં નથી. આપણે ત્યાં ચેતનમય, સ્વસ્થ, સુખી અને નિર્દોષ મનુષ્ય જીવન નથી, પણ જડ, અશાંત, વાસનાભર્યું અને ક્રોધી જીવન છે. આ બધું ક્યારે જાણી શકીએ ? જીંદગીનો નિર્વાહ કષ્ટોડો બનતો જાય છે, પરિણામે બુદ્ધિહીનતા આવી ગઇ છે અને સુખી જીવનનું એક પણ લક્ષણ શોધ્યું જડે તેમ નથી. તેમજ મનુષ્ય-ભાવના આથમી ગઈ છે, દિનપ્રતિદિન નબળાઇ અને બુદ્ધિહીનતા વધતી જ જાય છે અને માણસ માણસ તરીકે પોતાની જાત પરથી વિશ્વાસ ખોઇ બેઠો છે. તેમજ સંસારમાં રસ નથી તેથી મોક્ષ મેળવવા ફાંફાં મારી રહ્યો છે, કારણ કે મનુષ્ય-ભાવનાની ઉગ્ર તેજસ્વિતા સમજાણી નથી. એ કલ્પનાના બંધનમાં પૂર્વજોએ કરેલી પ્રણાલિકા તોડતાં એ કંપે છે. આ કોઇને ઉદ્દેશીને લખવામાં આવ્યું નથી, છતાં આવી અધમ દશામાંથી આજનો માણસ જ્યારે બહાર આવશે ત્યારે જ માનવશ્રેષ્ઠ બનશે. જૈન કોમના નેતાઓ અને વિદ્વાનો આ વસ્તુ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ આવી જાતના અભ્યાસ કે નિરીક્ષણ વિના સમાજની પ્રગતિ થવી મુશ્કેલ છે એટલું તો દરેક જણે કબૂલ કરવું જ પડશે. કારણ, આને લઇને દુ:ખી સ્થિતિને નિવારણ કરવાની શક્તિ અને જાગ્રતિ કરવાની પ્રેરણા થશે. આ બધાનું નિવારણ કરવાનું તે હવામાં અવાજ કરવા જેવું સહેલું નથી. ભાષણો અને કોન્ફરન્સના પ્લેટફૉર્મ ઉપરથી થતાં વક્તવ્ય તેમજ પરિષદોથી આ બધું કયારે સમજાવી શકાય કે જ્યારે આપણી પરિસ્થિતિનો અભ્યાસ હોય ત્યારે જ સમજી શકાય તેમ છે. તેની સાથે એટલુ પણ જણાવવાની જરૂર છે કે જાહેર જીવનની પ્રવૃત્તિ જ્યાં જ્યાં ગૃહ-જીવનની આડે આવતી હોય અને વિરૂદ્ધતા પ્રદર્શિત કરતી હોય ત્યાં ત્યાં તેવી પ્રવૃત્તિ બંધ થવી જોઈએ. આપણે આવી પ્રવૃત્તિના પ્રશ્નોનો ઉકેલ કરવા જતાં આપણા ગૃહ-જીવન તદ્દન વિસરી જઈએ છીએ અને આપણા ઘરના વાતાવરણમાં જાહેર જીવનનું ઉપરટપકેનું સૂત્ર ફરજ તરીકે દાખલ થતું જોઇએ છીએ ત્યારે એમાંથી પ્રેમ અને મીઠાશ ઉડી જઈ કર્તવ્યનો બોજો આવતો જાય છે. જાહેરમાં શોભાભર્યાં લાગતા સિદ્ધાંતોને ગૃહ-જીવનના વાતાવરણમાં ઉતારી તેને કલુષિત કરનારા અવિચારીઓ વધતા જાય છે અને તેને આપણે જાહેર પ્રવૃત્તિ તરીકે મહત્ત્વનું સ્થાન આપીએ છીએ તેનું જ પરિણામ છે. કૌટુમ્બિક જીવનમાં કોઇ પણ વ્યક્તિની પ્રતિષ્ઠા તેના સિદ્ધાંતની ઉગ્રતા પર નભતી નથી. સમાજ જીવન જે ગૃહ-જીવન ઉપર આધાર રાખી રહ્યું છે તેને ખાતર આપણે પોતે જ સ્થાપેલા તુચ્છ સિદ્ધાંતો કરતાં જેની આખી માનવતા આપણા ઉપર નભતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેવા માણસોની જીવનની એક ક્ષણ પણ બહુ જ કિંમતી છે. આવા **અનેક પ્રશ્નો** સમાજના જુદા જુદા દૃષ્ટિબિંદુથી અભ્યાસપૂર્વક ઉકેલીએ અને પછી જાહેર પ્રવૃત્તિના આંદોલનોથી આપણા જીવનને સુખી અને સંસ્કારી બનાવવાનું થાય તે જ ખરૂં સ્થાન–તે ગૃહજીવન. અત્યારે આપણા જીવનમાં આ વસ્તુ વિકૃત થતી જાય છે અને જાહેર જીવન કુટુંબ જીવનના ભોગે આગળ વધતું જાય છે. જીવન અને શારીરિક જરૂરિઆતો ગમે ત્યાંથી ઉત્પન્ન થતી હોય, જીવનને સંસ્કારી અને શુદ્ધ બનાવવા આપણે ગમે ત્યાં ફર્યા કરવાનું હોય, જીવનને જોઇતા માનસિક આન્દોલનો અને શ્રદ્ધા ગમે ત્યાંથી સાંપડતાં હોય પણ એ બધામાંથી ઉભું થતું સાચું જીવન જીવવાનું ખરૂં સ્થાન હોય તો તે ગૃહ–જીવન જ છે. તેટલા જ માટે આપણા કુટુંબને ઝેરના સાગર મટાડી સ્વર્ગના રહેઠાણ બનાવવાં હોય તો **જગતનો છેડો ઘેર છે** એ કહેવત ખરેખર સમજવા જેવી છે. એટલા જ માટે વસ્તીપત્રકના અડસ-ટાઓ અને અટકળોનો અભ્યાસ અને નિરીક્ષણ કરવાની જરૂર છે.

## હિંદુસ્તાનમાં જૈનોની કેળવણી સંબંધી સ્થિતિ.

આખા હિંદુસ્તાનમાં જૈનોની કેળવણીને લગતો સવાલ ખાસ વિચારવા જેવો છે. કેળવણીના કોઠા નીચે રજુ કરવામાં આવતા આંકડાઓ ફક્ત પ્રાથમિક કેળવણી કે જેમાં ક, ખ, ગ લખી–વાંચી શકે તેવા સામાન્ય શિક્ષણ લેનારાઓનો સમાવેશ થાય છે તેને લગતા છે. સદરહુ આંકડાઓ ઉપર નજર કરતાં માલૂમ પડે છે કે આપણી કોમમાં પાંચથી પંદર વર્ષ સુધી ઉમર ધરાવનાર જૈન બાળકોની સંખ્યા ૨૩૫૨૮૫ ની છે, તેમાં નિશાળે જતાં જૈન બાળકો કે જેમની ઉમર પાંચથી પંદર વર્ષ સુધીની છે તેવાઓની સંખ્યા ૫૧૦૪૭ ની છે એટલે ઉપર દર્શાવેલ નિશાળે જતાં કેળવણી લેવા લાયક ઉમરવાળા જૈન વિદ્યાર્થીઓ સેંકડે લગભગ એકવીસ ટકા આવે છે આ પરથી એમ સાબીત થાય છે કે પાંચથી પંદર વર્ષ સુધી ઉમરના સેંકડે ઓગણએંસી ટકા અભણ રહે છે, તેમાંથી માધ્યમિક શિક્ષણમાં આગળ વધતા વિદ્યાર્થીઓની સંખ્યા ભાગ્યે જ દશથી બાર ટકા આવે છે અને તેમાંથીએ કોલેજ સુધી ઉંચી કેળવણી લેવાને આગળ વધનારની સંખ્યા ભાગ્યેજ એક ટકો આગળ વધી શકે છે. જૈન કોમની સ્ત્રી કેળવણી તરફ નજર કરીએ તો માલૂમ પડશે કે પાંચથી પંદર વર્ષ સુધી બાળિકાઓની સંખ્યા ૨૨૩૯૮૩ ની છે અને પાંચથી પંદર વર્ષની ઉમર સુધી નિશાળે જતી બાળિકાઓની સંખ્યા ૧૫૭૭૯ ની છે એટલે સેંકડે લગભગ સાત ટકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષણ લે છે એટલે લગભગ ૯૩ ટકા અભણ સ્ત્રી કેળવણીના આંકડાઓ સરકારી રિપોર્ટ રજુ કરે છે. ઉંચી કેળવણી કે અંગ્રેજીમાં અપાય તે તરફ દૃષ્ટિ કરીશું તો માલૂમ પડશે કે કુલ ભણેલાની સંખ્યા ૩૨૫૮૮૯ ની છે તેમાંથી અંગ્રેજી વિદ્યા સંપાદન કરનારની સંખ્યા ૩૧૯૭૦ ની છે એટલે લગભગ ૯ ટકા જેટલા અંગ્રેજી કેળવણી લેતા માલૂમ પડે છે તેમાંએ કોલેજ સુધી પહોંચી ઉંચી કેળવણી લેનારની સંખ્યા જોઇશું તો વસ્તીના પ્રમાણમાં ઘણી જ નજીવી માલૂમ પડશે. ઉપર પ્રમાણે લખતા, વાંચતા અને ગણિતના દાખલાઓ શીખ્યાથી શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિની ખીલવણી થવા પામે તે અસંભવિત છે. આટલા જ જ્ઞાનથી કુદરતના કાયદાનું જ્ઞાન કદી પણ મળી શકતું નથી. કેળવણીનો ખરો અર્થ તો જ્યારે આપણે શાળા-માંથી કોલેજનું શિક્ષણ લેવા જઇએ છીએ ત્યારે તેના ખરા સ્વરૂપમાં વધારે સ્પષ્ટ સમજાય છે; કારણ કે કોલેજની જીંદગી દરમીયાન જ આપણને સાહિત્ય, સાયન્સ, વિદ્યા, હુનર–કળા આદિનું ઉંચું ભાન થવા પામે છે, જેથી કરીને તેની મારફતે જ જીંદગી સુખી અને સંતોષી બની શકે છે. આવી જાતની કેળવણી લીધા પહેલા જૈનો કેળવણી લેતા અટકી જાય છે તે ખરેખર કમનશીબી છે. છેલ્લા વીસ વર્ષના જૈન કોમને લગતા શરૂઆતની પ્રાથમિક શિક્ષણ લેતાં બાળકો અને બાળિકાઓના આંકડાઓ જોતા માલૂમ પડે છે કે બાળકોની કેળવણીમાં જે સ્થિતિ વીસ વર્ષ પહેલાં હતી તે જ સ્થિત અત્યારે જોઇ શકીએ છીએ. એટલે તેમાં કાંઇ પણ ભાગ્યેજ સુધારો થએલો જોવામાં આવે છે; જ્યારે સંતોષની વાત છે કે સ્ત્રી શીક્ષણના આંકડાઓમાં ધીમો ધીમો પણ સંગીન સુધારો થતો જતો જોવામાં આવે છે.

| સાલ. | શિક્ષણ લેતા બાળકોની સંખ્યા. | શિક્ષણ લેતી બાળીકાઓની સંખ્યા. |
|---|---|---|
| ૧૯૧૧ | ૩૧૮૬૮૫ | ૨૩૧૨૦ |
| ૧૯૨૧ | ૩૧૩૪૧૬ | ૪૩૪૬૩ |
| ૧૯૩૧ | ૩૨૫૮૮૯ | ૫૪૯૯૨ |

ઉપર પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી જણાવવાની જરૂર પડે છે કે કોઇ પણ કોમનો કાંઇ પણ વિકાસ થતો હોય તો તે પ્રાથમિક શિક્ષણથી ભાગ્યેજ થાય છે; પણ આગળ વધવાથી જ થઇ શકે છે. વ્યવહારિક, સામાજિક અને રાજકીય કોઇ પણ ક્ષેત્રમાં પ્રગતી કરવી હોય તો ઉંચી કેળવણી સિવાય બીજું કોઇ પણ સાધન ભાગ્યેજ હોઈ શકે. કેળવણીથી જ વ્યવહારિક અને દુનિ-આની અનેક મુશ્કેલીઓની ગમ પડી શકે છે અને જીવનની અનેક મુશ્કે-લીઓની સામે થવામાં જેઓને તાકાત નથી તેઓ જીવનમાં આગળ વધવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે રસ્તો શોધી શકશે. પરંતુ દીલગીરીની વાત તો એટલી જ છે કે આપણી કોમના મોટે ભાગે વિદ્યાર્થીઓ જે જાતની કેળવણી લે છે તે એટલી બધી અધુરી છે કે ભાગ્યેજ તેઓ કાપડીઆ અથવા ગાંધીની દુકાને બેઠા સિવાય અથવા તો વેપારી લાઇનના કોઈ પણ બજારની સટાની લાઇનમાં જોડાયા સિવાય કેળવણીનો બીજો ઉપયોગ કરતાં હોય ! આ ઉપરાંત સામાન્ય સ્થિતિના જૈનો આવી જાતની અર્ધદગ્ધ કેળવણી લે છે તેઓ દુનિઆદારીની અનેક હાડમારીઓ વેઠી જીવન પૂરૂં કરે છે અને છેવટે નજીવા પગારથી નોકરીઓ બેસીને જીવન પાયમાલ કરી નાખે છે, જેથી શિક્ષણની દ્રષ્ટીએ એટલા પછાત છીએ કે રાજ્યદ્વારી ક્ષેત્રમાં ભાગ્યેજ જૈનોનો હીસ્સો જોવામાં આવે છે. કોઈ પણ જ્ઞાતિનું ગૌરવ તેનાં દ્રવ્ય, દોલત ઉપરથી નહિ પણ તેના માનસિક બળ અને આત્મિક તત્ત્વ ઉપરથી જ અંકાય છે.

જૈનોમાં જેઓ કેળવાએલ તરીકે ઓળખાય છે તેમાંના કેટલાક કોમની પ્રત્યે આવી બાબતોમાં ઘટતી સેવા બજાવવાને બદલે પોતાના અંગત કાર્યમાં એવા મચેલા રહે છે કે ભાગ્યેજ પોતાના જ્ઞાતિ બંધુઓ પ્રત્યે કેળવણીની જરૂરીઆત માટે પ્રેરણા કરવા ફુરસદ મેળવતા હોય. આ સ્થિતિમાં કેળવણી તરફ જૈન યુવકોનું લક્ષ ખેંચાય તે બાબત ઘટતી તપાસ થવાની જરૂર છે, કારણ કે બીજી જ્ઞાતીઓ ઉંચી કેળવણી લીધા બાદ મોટી સંખ્યામાં પાશ્ચાત્ય દેશોમાં જઇ ઉદ્યોગ હુન્નર શીખી લાવી આપણા દેશમાં દાખલ કરે છે ત્યારે જૈનો માત્ર શરૂઆતની કેળવણી લઇને અટકી જાય તો હરિફાઇની બીજી કોમો સાથે ભાગ્યેજ ઉભા રહી શકશે એટલા જ માટે કેળવણીના હીમાયતીઓએ ઘટતા પગલા લેવાની જરૂરીઆત જોઉં છું. (ચાલુ)

# સ્વીકાર–સમાલોચના.

**શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈન સભા–પાટણ**—૭ વાર્ષિક રિપોર્ટ ( સં. ૧૯૮૪ થી ૧૯૮૯ સુધીનો ) ત્રીશ વર્ષ પહેલાં આ સંસ્થાનો જન્મ થયો છે, જેમાં પુસ્તકાલય, પાઠશાળા, ગ્રંથાવળી પ્રકાશન વગેરે કાર્યો બહુ જ ધીમી પ્રગતિથી થાય છે. પાટણ શહેરનો જૈન સમાજ ધર્મીષ્ટ અને ધનાઢ્ય તથા ઉદાર છે; છતાં આ સંસ્થા વિશેષ પ્રગતિમાન કેમ નથી થઇ શકતી તે સમજાતું નથી, છતાં આટલા વર્ષોથી તે કાર્ય કર્યે જાય છે તે યોગ્ય છે. રિપોર્ટ વાંચતાં હિસાબ વગેરે ચોખવટવાળો જણાય છે. અમો ભવિષ્યમાં તેની વિશેષ પ્રગતિ જોવા ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા છપાયેલા ઉપયોગી ગ્રંથો.

**અમારા લાઇફ મેમ્બર સાહેબોને**—ભેટના નવા પાંચ ગ્રંથો ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે મોકલાઇ ગયા છે જેઓ સાહેબને ન પહોંચ્યા હોય તેમણે અમોને લખી જણાવવું.

**આ વખતના પાંચે ગ્રંથો માટે સાહિત્ય પ્રકાશન માટે પ્રશંસાના અનેક પત્રો મળેલા છે તેઓ સાહેબોનો આભાર માનીયે છીયે.**

દરેક ગ્રંથોની રોજ માંગણીઓ આવે-જાય છે.

---

# શ્રીપાળરાજાનો રાસ.

### ( સચિત્ર અર્થ સહિત. )

આજ સુધીમાં પ્રગટ થયેલ રાસો કરતાં આ રાસમાં ઘણી નવીનતાઓ હોવાથી સર્વ સ્થળે ઉપયોગી મનાયો છે. ઓળીના અંગે ઉપયોગી દરેક વિધિવિધાનો, સ્નાત્રો, પૂજાઓ સાથે આપવામાં આવેલ હોવાથી આ એક જ પુસ્તકથી આરાધન થવા સાથે રાસ પણ સાથે વંચાય છે.

શ્રીનવપદમંડળ, શ્રીસિદ્ધચક્રયંત્ર, અને પ્રસંગોને બંધબેસતા અને પુંઠા ઉપરના મળી ચૌદ વિવિધ રંગની છબીયો, ગુરૂભક્તિ નિમિત્તે બે ગુરૂમહારાજની છબીયો વગેરે સાથે આપવામાં આવેલ છે. ઉપયોગી સંગ્રહ, સુંદર કાગળ, દળદાર અને મનહર મજબુત બાઇડીંગ એવા અનેક આકર્ષણો હોવા છતાં ખપી જીવોની સગવડ માટે ઓછી કિંમત રાખવામાં આવેલ છે. ઉંચા કપડાના બાઇડીંગના રૂા. ૨-૮-૦ ચાલુ કપડાના બાઇડીંગના રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

**જૈનધર્મ**—યુરોપીયન વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી૦ હરબર્ટ વૉરનનો લખેલ " જૈનીઝમ " જૈનદર્શન-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ( જીવનના મહાન્ પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન તેનું ગુજરાતી ભાષાંતર આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે, જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે. કિંમત

**શ્રી સંવેગદ્રુમકન્દલી**—શ્રી વિમલાચાર્યરચિત મૂળ સાથે ભાષાંતરઃ-સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિથી બળીજળી રહેલા આત્માને અપૂર્વ ઔષધરૂપી પરમશાંતિ પ્રગટ કરાવી સંવેગ માર્ગ તરફ લઇ જનાર આ લઘુ ગ્રંથ છે. મૂળ કાવ્યો સુંદર સંસ્કૃત ભાષામાં અને તેનું ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવેલું છે. આ ગ્રંથ આધ્યાત્મિક સાહિત્યનો ઉંચા કાગળ, સુંદર શાસ્ત્રી ટાઇપ અને સુશોભિત બાઇડીંગમાં અલંકૃત કરાવેલ છે. સૌ કોઈ લાભ લે તે માટે માત્ર ચાર આના ( પોસ્ટેજ સવા આનો જુદો ) કિંમત રાખવામાં આવેલ છે.

**શ્રી સામાયિક-ચૈત્યવંદન સૂત્ર (શબ્દાર્થ, અન્વયાર્થ ને ભાવાર્થ સાથે)** જૈન ધર્મના પ્રાથમિક અભ્યાસ માટે બાળકો માટે અવશ્ય ઉપયોગી. અઢી આના.

For Private And Personal Use Only

Reg. No. B. 431.

શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક રા. સુશીલ. )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત, રસિક કથા ગ્રંથ. )**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીધનેશ્વર મુનિના આ કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી, સરલ રીતે આ ગ્રંથનીરચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર), પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાના સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ જુદું.

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત |
|---|---|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ | શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા | | શ્રી રાજગિરિ-સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | છ લેસ્યા. | ૦-૬-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ | મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ | સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી | |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦-૮-૦ | સોનેરી બાઇન્ડીંગ સાથે | ૨-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ | ૦-૮-૦ | નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |
| શ્રીપાર્શ્વનાથ પદ્માવતી | ૦-૮-૦ | શ્રી સિદ્ધચક્ર યંત્ર. રંગીન | ૦-૬-૦ |

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.